## જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)
## જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક) કરાર આધારિત ભરતી
## સમગ્ર શિક્ષા, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેક્ટર 19 - ગાંધીનગર.

---

### (જ્ઞાન સહાયક યોજના માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત અન્વયે સુચનાઓ)

ગુજરાત સરકાર શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ(પા.ફા.) અન્વયે અંતર્ગત ગુજરાત રાજયની સરકારી અને અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં "જ્ઞાન સહાયક યોજના (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" અંતર્ગત શાળા કક્ષાએ **<u>હાલમાં તેમજ ભવિષ્યમાં ખાલી પડનાર જગ્યાઓ પર ૧૧ માસ માટે કરાર આધારિત "જ્ઞાન સહાયક (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)" ની ભરતી માટે પસંદગી યાદી તેમજ પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી ઓન-લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.</u>** આ લાયકાતો ફરજીયાતપણે માન્ય યુનિવર્સિટી/સંસ્થાઓમાંથી મેળવેલ હોવી જોઈએ. આ પ્રકારની નિયત લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૯ /૦૮/૨૦૨૫ ને મંગળવારના રોજ બપોરના ૨.૦૦ કલાક થી ૨૬/૦૮/૨૦૨૫ ને મંગળવારના ૨૩:૫૯ કલાક સુધી માધ્યમિક માટે https://bit.ly/SEC_GYANSAHAYAK અને ઉચ્ચતર માધ્યમિક માટે https://bit.ly/HS_GYANSAHAYAK વેબસાઈટ પર જઈ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

**અરજી કરતા પૂર્વે નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.**

### 1) <u>શૈક્ષણિક લાયકાત અને વ્યાવસાયિક લાયકાત:-</u>

- સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક કરાર આધારિત ભરતી માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા વર્ષ-૨૦૨૩માં વિવિધ વિષયો/માધ્યમની દ્વિસ્તરીય TAT (માધ્યમિક) અને TAT (ઉચ્ચતર માધ્યમિક) પરીક્ષા લેવામાં આવેલ છે. તે પૈકી જે ઉમેદવારે જે માધ્યમ અને વિષયની પરીક્ષા પાસ કરેલ હોય તે જ વિષય અને માધ્યમ માટે ઉમેદવારી નોંધાવી શકશે. તેમજ તે જ વિષયમાં તેઓએ શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત મેળવેલી હોવી જોઇશે. (પોર્ટલ પર વિષય મુજબ લાયકાતની યાદી ઉપલબ્ધ કરેલ છે.)
- શિક્ષણ વિભાગના તા.૧૦/૦૭/૨૦૨૩ના ઠરાવ ક્રમાંક: બમશ-૧૦૧૪-૧૪૦-ગ (પા.ફા.) અનુસાર જ્ઞાન સહાયક માધ્યમિક માટે પસંદગી યાદી ઉમેદવારના દ્વિસ્તરીય

શિક્ષક અભિરૂચિ કસોટી માધ્યમિક (TAT-S) 2023 માં મેળવેલ ગુણના આધારે તેમજ જ્ઞાન સહાયક ઉચ્ચતર માધ્યમિક માટે પસંદગી યાદી ઉમેદવારના દ્વિસ્તરીય શિક્ષક અભિરૂચિ કસોટી માધ્યમિક (TAT-HS) 2023 માં મેળવેલ ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.

- ઉમેદવાર સરકારી અને બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં જ્ઞાન સહાયકની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક માટે કરાર આધારિત નિમણૂક માટેની ન્યુનત્તમ શૈક્ષણિક લાયકાત અને વ્યવસાયિક લાયકાત ધરાવતો હોવો જોઈએ. (પોર્ટલ પર વિષય મુજબ લાયકાતની યાદી ઉપલબ્ધ કરેલ છે.)

## 2) <u>જિલ્લા પસંદગી અને સ્થળ ફાળવણી :-</u>

- ઉમેદવારોએ અરજી કરતા સમયે જિલ્લા પસંદગી કરવાની રહેશે. જેમાં ઉમેદવારને કોઇપણ એક જિલ્લો પસંદ કરવાનો રહેશે.
- ઉમેદવારોએ જે વિષય અને માધ્યમની પરીક્ષા પાસ કરેલ હોય તે જ વિષય અને માધ્યમની જગ્યાઓ માટે જિલ્લો પસંદ કરવાનો રહેશે.
- ઉમેદવારોને જિલ્લા ફાળવણી અંગેની જાણ એસ.એમ.એસ. થી કરવામાં આવશે.
- ઉમેદવારોએ કરેલ જિલ્લા પસંદગીના આધારે જિલ્લાવાર મેરીટ યાદી/પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.
- જિલ્લાવાર મેરીટ યાદી/પ્રતીક્ષા યાદી તૈયાર કરી જિલ્લા કક્ષાએ ઉપલબ્ધ કરવામાં આવશે. જેના આધારે જિલ્લામાં હાલમાં તેમજ ભવિષ્યમાં પાડનાર ખાલી જગ્યાઓ પર જરૂર મુજબ ઉમેદવારોને બોલાવવામાં આવશે અને સ્થળ પસંદગી કરવાની રહેશે.
- જિલ્લાવાર મેરીટ યાદી/પ્રતીક્ષા યાદી તૈયાર કરવામાં આવશે. આ યાદીમાં જે ઉમેદવારોનો સમાવેશ થશે તેઓએ પસંદ કરેલ જિલ્લા કક્ષાએથી આ અંગેની જાણ કરવામાં આવશે. મેરીટ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવાર માટે સ્થળ પસંદગી અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન અંગેની સુચના જિલ્લા કક્ષાએથી આપવામાં આવશે. નિયત કરવામાં આવેલ સમયગાળામાં ઉમેદવારોએ સ્થળ પસંદગી અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન ફરજીયાત કરાવવાનું રહેશે. ઉમેદવારોએ અરજી સાથે દર્શાવેલ લાયકાત મુજબના ડોક્યુમેન્ટ સ્થળ પસંદગી અને ડોક્યુમેન્ટ વેરીફીકેશન સમયે દર્શાવવામાં આવશે. ડોક્યુમેન્ટ વેરીફીકેશન ન કરાવનાર ઉમેદવારોની ઉમેદવારી આપોઆપ રદ થશે અને મેરીટ યાદીમાંથી તેવા ઉમેદવારનું નામ કમી કરવામાં આવશે.
- જિલ્લાના ડોક્યુમેન્ટ વેરીફીકેશન સેન્ટરની યાદી વેબસાઈટ પર મુકેલ છે.

3) **ઉચ્ચક માનદ વેતન (માસિક):-**

- સરકારી અને બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓમાં જ્ઞાન સહાયક ઉચ્ચતર માધ્યમિક (કરાર આધારિત) માટે માસિક ફીકસ રૂા.૨૬,000/- ઉચ્ચક માનદ વેતન મળવાપાત્ર થશે. તેમજ જ્ઞાન સહાયક માધ્યમિક (કરાર આધારિત) માટે માસિક ફીકસ રૂા.૨૪,000/- ઉચ્ચક માનદ વેતન મળવાપાત્ર થશે.

4) **વયમર્યાદા:-**

- ઉમેદવારની મહત્તમ વયમર્યાદા (અરજીની છેલ્લી તારીખે) જ્ઞાન સહાયક ઉચ્ચતર માધ્યમિક (કરાર આધારિત) અને જ્ઞાન સહાયક માધ્યમિક (કરાર આધારિત) માટે ૪૫ વર્ષ રહેશે.

5) **ભરવાપાત્ર જગ્યાઓ:-**

- જિલ્લાવાર પડતી ખાલી જગ્યાઓના આધારે જિલ્લા કક્ષાએથી ખાલી જગ્યાઓ મુજબ મેરીટના ધોરણે જિલ્લામાંથી ઉમેદવારોને સ્થળ પસંદગી માટે બોલાવવામાં આવશે અને શાળા પસંદગી કરાવી શાળા ફાળવણીની તમામ પ્રક્રિયા જિલ્લા કક્ષાએ કરવામાં આવશે.
- સદર જાહેરાતમાં દર્શાવેલ પૈકી કોઈપણ જગ્યાઓ ફેરફારને આધીન છે. કોઈપણ ખાલી જગ્યા રદ કરવા અંગેનો સરકારશ્રીનો નિર્ણય આખરી રહેશે.

6) **કરારનો સમયગાળો**

- જ્ઞાન સહાયક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક ની કામગીરીનો કરાર **૧૧ માસ** સુધીનો રહેશે. **૧૧ માસનો** કરારનો સમય પૂર્ણ થતાં કરાર આપોઆપ રદ થયેલ ગણાશે.
- રાજ્ય કક્ષાએથી આપેલ સુચના અનુસાર કરાર રદ/ પુનઃ કરાર (રીન્યુ) ની પ્રક્રિયા કરવાની રહેશે.

## 7) અરજીપત્રક ઓનલાઇન ભરવા બાબતની અગત્યની સુચનાઓ:-

1. અરજી પત્રક ભરતાં પહેલાં વેબસાઇટ ઉપર મુકવામાં આવેલી જાહેરાત માટેની સુચનાઓનો કાળજીપૂર્વક અભ્યાસ કરવા વિનંતી છે.

2. **લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા.૧૯/૦૮/૨૦૨૫ના રોજ બપોરના ૨.૦૦ કલાક થી ૨૬/૦૮/૨૦૨૫ ૨૩:૫૯ કલાક સુધી જ્ઞાન સહાયક ઉચ્ચતર માધ્યમિક માટે લિંક : https://bit.ly/HS_GYANSAHAYAK જ્ઞાન સહાયક માધ્યમિક માટે લિંક : https://bit.ly/SEC_GYANSAHAYAK વેબસાઈટ** પર જઈ નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઈ ઓનલાઈન અરજી કરવાની રહેશે.

3. ઓનલાઇન અરજી કરવામાં ઉમેદવાર પોતે ભુલ કરશે તો તેવી અરજી ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહી જેથી સંપર્ણ કાળજીપૂર્વક ઓનલાઇન અરજી કરનારની રહેશે.

4. માત્ર અને માત્ર ઓનલાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. ટપાલ કે કુરીયર મારફતે અરજી ફ્રોર્મ સ્વીકારવામાં આવશે નહી અને રદ થયેલા ગણાશે. આ કચેરીને પણ અરજીપત્રકો મોકલવા નહી.

5. ઉમેદવારે અરજીપત્રકમાં પોતાનો મોબાઇલ નંબર અવશ્ય આપવાનો રહેશે આ નંબર પસંદગી પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી શરૂ રાખવો. જેથી જરૂરીયાતના સંજોગોમાં સંપર્ક કરી શકાય.

6. ઓનલાઇન અરજી કર્યા પછી કરેલ અરજીની ફાઇનલ પ્રિન્ટ ઉક્ત વેબસાઇટ ઉપરથી ડાઉનલોડ કરી મેળવી લેવાની રહેશે અને સાચવણી કરી, જરૂર પડેથી રજુ કરવાની રહેશે.

7. આ જાહેરાતનો હેતુ હાલ માત્ર પસંદગી યાદી તેમજ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાનો છે. જેથી આ ફ્રોર્મ ભર્યેથી નોકરી મળી જ જશે તેવુ માનવું નહી.

8. નિયત સમયમર્યાદામાં ગુણપત્રકો/પ્રમાણપત્રોની ચકાસણી અર્થે હાજર ન રહેનાર ઉમેદવારનું નામ પસંદગી યાદી/પ્રતીક્ષા યાદીમાંથી રદ કરવામાં આવશે. આ અંગે ઉમેદવાર કોઇપણ પ્રકારનો હક્ક દાવો કરી શકશે નહીં અને આ અંગે કોઈપણ પત્રવ્યવહાર ધ્યાને લેવામાં આવશે નહીં.

9. ઉમેદવારોએ નિયમિત રીતે વેબસાઇટની ચકાસણી કરવાની રહેશે. વેબસાઇટ પર મુકેલ કોઇપણ સુચના/વિગતથી અવગત ન થનાર ઉમેદવારો ભરતીના કોઇપણ

તબક્કે સામેલ ન થઈ શકે તો આ અંગે ઉમેદવારની અંગત જવાબદારી રહેશે. આ અંગે કોઇ લેખિત કે મૌખિક રજુઆત ધ્યાને લેવામાં આવશે નહી.

## 10. ગુણાંકન દર્શાવવા અંગેની સુચનાઓ

કુલ ગુણ અને મેળવેલ ગુણની ગણતરી બાબતે જુદી જુદી યુનિવર્સિટીઓ અને એક જ યુનિવર્સિટીના જુદા જુદા વર્ષના વિધાર્થીઓના કિસ્સામાં અલગ અલગ પદ્ધતિઓ હોઇ તમામ વિધાર્થીઓના કિસ્સામાં એકસુત્રતા જળવાઇ રહે અને કોઇપણ ઉમેદવારને અન્યાય ન થાય તેવા હેતુથી કુલ ગુણ અને મેળવેલ ગુણ બાબતે નીચે મુજબનો નિર્ણય કરેલ છે.

- ઉમેદવારોએ ઓનલાઇન અરજી ફ્રોર્મમાં તેઓની માર્કશીટમાં આપેલ કુલ ગુણ અને મેળવેલ ગુણજ દર્શાવવા, જો લાયકાતની માર્કશીટમાં કુલ ગુણ તથા મેળવેલ ગુણ આપેલ ન હોય અને ફક્ત CGPA/CPI/GRADE આપેલ હોય તેવા ઉમેદવારોએ પોતાની માર્કશીટમાં દર્શાવેલ વિગત પસંદ કરી ભરવાની રહેશે.

દા.ત. કોઇ ઉમેદવારની માર્કશીટમાં CGPA દર્શાવેલ છે તો કુલ અને મેળવેલ CGPA ની વિગતો દર્શાવવાની રહેશે.

11. કમ્પ્યુટર જાણકારી અંગેનું પ્રમાણપત્ર

સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૦૮ના ઠરાવ મુજબ કમ્પ્યુટરની બેઝિક જાણકારી અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

12. ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ ભરતીના જે તે તબક્કે માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે. રજૂ ન કરી શકનાર ઉમેદવારોની નિમણૂક જે તે તબક્કે રદ કરવામાં આવશે.

13. કોઈ ઉમેદવાર બનાવટી દસ્તાવેજો રજુ કરશે કે દસ્તાવેજો સાથે ચેડાં કરીને રજુ કરવામાં આવશે તો તેમની સામે નિયમોનુસાર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે અને જરૂર જણાયે ફ્રોજદારી ગુનો પણ દાખલ કરવામાં આવશે.

14. જે ઉમેદવાર ઓનલાઇન અરજી કરતી વખતે ખોટી માહિતી આપશે તેમને ગેરલાયક ઠરાવવામાં આવશે. જ્ઞાન સહાયક અંગેની ભરતીની અરજી બાબતોમાં ઉમેદવારે શૈક્ષણિક લાયકાત અને માંગેલ તમામ માહિતી સાચી આપવાની રહેશે. જો ઉમેદવારે આપેલ માહિતી ખોટી, અધૂરી અથવા ભુલભરેલી ઠરશે તો ભવિષ્યમાં ભરતી અને સેવાના કોઇ પણ તબક્કે ગેરલાયક ઠેરવવામાં આવશે અને આ અંગે કોઇપણ પ્રકારની અરજી/રજુઆત સ્વીકારવામાં આવશે નહીં.

15. સાચી માહિતી આપવાની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે અને કોઇપણ સંજોગોના કારણે કોઇપણ સંજોગોમાં આપેલ માહિતી ખોટી, અધૂરી કે ભૂલભરેલી હશે તેના કારણે ઉમેદવારની પસંદગી ન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઉમેદવારની રહેશે. જો માહિતી ખોટી, અધૂરી, ભુલભરેલી હશે તો અરજી રદ થયેલી ગણાશે. અને આવા ઉમેદવારને ભવિષ્યમાં પાંચ વર્ષ માટે ઉમેદવારી માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

16. અરજદારે પોતાનું ઇ-મેઇલ આઇ.ડી. અને મોબાઇલ નંબર ફરજીયાત આપવાના રહેશે અને ભરતી અંગેની પ્રક્રિયાની વખતો-વખતની જાણ અરજદારને એસ.એમ.એસ.થી કરવામાં આવશે. અને આ બાબતે અરજદારે એસ.એમ.એસ.ની ચકાસણી કરવાની રહેશે.

17. અરજદારે જે ફોર્મ ભરેલ છે તેની પ્રિન્ટ લઇ, તેના દરેક પાનાં પર સહી કરવાની રહેશે. અને જ્યારે જરૂર પડે ત્યારે રજુ કરવાની રહેશે.

18. જે ઉમેદવાર રાજય બહારની યુનિવર્સિટીમાંથી નિયમિત અભ્યાસક્રમ દ્વારા મેળવેલ લાયકાતના પ્રમાણપત્ર ધરાવતાં હશે તેઓને નિમણૂક આપતાં પહેલાં અસલ પ્રમાણપત્રોની ખરાઇ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ નિયમોનુસાર કર્યા પછી જ નિમણૂક માટે પાત્ર ઠરશે. જો લાયકાતના પ્રમાણપત્ર બનાવટી હશે તો નિયમોનુસાર શિક્ષાને પાત્ર ઠરશે.

19. આ સમગ્ર ભરતી પ્રક્રિયા બાબતે સરકારશ્રીનો નિર્ણય આખરી ગણાશે.